ગાંધીનગર સમાચાર



# ગાંધીનગરમાં સ્ત્રી જન્મદર અને મૃત્યુદર ઓછો નોંધાયો

**વર્ષ ૨૦૧૫ દરમિયાન ૮૯૭ પુરુષ તેમજ ૬૫૮ સ્ત્રી મૃત્ય નોંધાયા છે, જયારે જન્મદરમાં વર્ષ દરમિયાન ૪૪૭૦ પુરુષ અને ૩૮૯૩ સ્ત્રી બાળજન્મ નોંધાયા છે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં સ્ત્રી પુરુષ જન્મ મૃત્યુદરમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. જેમાં વર્ષ ૨૦૧૫ દરમિયાન કુલ ૧૫૫૫ મૃત્યુમાં ૮૯૭ પુરુષ તેમજ ૬૫૮ સ્ત્રી મૃત્ય નોંધાયા છે. જયારે જન્મદરમાં વર્ષ દરમિયાન કુલ ૮૩૬૩ સ્ત્રી પુરુષનો જન્મ થયો છે. જેમાં ૪૪૭૦ પુરુષ અને ૩૮૯૩ સ્ત્રી બાળજન્મનો સમાવેશ થાય છે. આમ જન્મ મૃત્યુ બન્નેમાં પુરુષની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. બેટી બચાવોના અભિયાન તેમજ સ્ત્રી જન્મ દર વધારવાના અનેક પ્રયાસોના અંતે પણ રાજયના પાટનગરમાં જ અસમાનતાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શૈક્ષણિક દર ઉંચો હોવાછતા ગાંધીનગરમાં જ બેટી બચાવોના મામલે સમાજમાં લોક જાગૃતિ કેળવવાની હજુ અનિવાર્યતા વર્તાઈ રહી છે.

| સ્ત્રી પુરુષના મૃત્ય દરનો આંક | | | | સ્ત્રી પુરુષ જન્મદરનો આંક | | | |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ | વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૨૦૦૪ | ૪૯૬ | ૩૧૬ | ૮૧૨ | ૨૦૦૪ | ૨૯૦૯ | ૨૨૩૮ | ૫૧૪૭ |
| ૨૦૦૫ | ૩૭૬ | ૨૮૮ | ૬૬૪ | ૨૦૦૫ | ૩૧૩૨ | ૨૩૭૩ | ૫૫૦૫ |
| ૨૦૦૬ | ૬૪૮ | ૩૮૬ | ૧૦૩૪ | ૨૦૦૬ | ૨૯૮૮ | ૨૮૩૪ | ૫૮૨૨ |
| ૨૦૦૭ | ૫૫૫ | ૪૪૦ | ૯૯૫ | ૨૦૦૭ | ૩૦૧૦ | ૨૫૬૩ | ૫૫૭૩ |
| ૨૦૦૮ | ૬૮૭ | ૪૪૭ | ૧૧૩૪ | ૨૦૦૮ | ૩૩૫૨ | ૨૭૭૨ | ૬૧૨૪ |
| ૨૦૦૯ | ૬૩૩ | ૪૦૬ | ૧૦૩૯ | ૨૦૦૯ | ૩૪૦૫ | ૨૯૦૫ | ૬૩૧૦ |
| ૨૦૧૦ | ૬૦૯ | ૪૮૧ | ૧૦૯૦ | ૨૦૧૦ | ૩૪૧૫ | ૨૯૬૭ | ૬૩૮૨ |
| ૨૦૧૧ | ૭૦૫ | ૪૪૧ | ૧૧૪૬ | ૨૦૧૧ | ૩૬૧૨ | ૩૦૧૭ | ૬૬૨૯ |
| ૨૦૧૨ | ૬૮૩ | ૪૧૬ | ૧૦૯૯ | ૨૦૧૨ | ૩૬૬૩ | ૩૧૮૩ | ૬૮૪૬ |
| ૨૦૧૩ | ૭૦૩ | ૫૪૬ | ૧૨૪૯ | ૨૦૧૩ | ૩૫૩૪ | ૩૧૨૯ | ૬૬૬૩ |
| ૨૦૧૪ | ૮૬૫ | ૫૫૦ | ૧૪૧૫ | ૨૦૧૪ | ૪૦૮૯ | ૩૪૮૯ | ૭૫૭૮ |
| ૨૦૧૫ | ૮૯૭ | ૬૫૮ | ૧૫૫૫ | ૨૦૧૫ | ૪૪૭૦ | ૩૮૯૩ | ૮૩૬૩ |

# શહેર વસાહત મહામંડળ દ્વારા બે દાયકામાં ૩૨ હજાર સ્વજનોના અસ્થિનુ વિસર્જન કરાયુ

**વર્ષ ૨૦૧૫માં ૨ હજાર મૃતકોના અસ્થિનુ હરિદ્વારમાં વિધિવત વિસર્જન કરાયુ**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા બે દાયકાના અંતો ૩૨ હજાર સ્વજનોના અસ્થિઓનુ હરદ્વારમાં વિસર્જન કરવાની ઉમદા સેવા પુરી પાડવામાં આવી છે. શહેર વસાહત મહામંડળની આ સેવાકીય પ્રવતિને જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેમજ મહાનગરપાલિકા અને નગરના સેવાભાવી અગ્રણીઓ દ્વારા પણ સહયોગ પુરો પાડવામાં આવી રહયો છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ મહામંડળ દ્વારા વર્ષ ૧૯૯૬થી અસ્થિવિસર્જનની સેવા પુરી પાડવામાં આવી રહી છે. છેલ્લા બે દાયકાની આ પ્રવૃતિના આધારે મૃત્યુ પામેલા ૩૨ હજાર સ્વજનોના અસ્થિઓને હરદ્વારમાં વિસર્જન કરવામાં આવ્યુ છે. જયારે વર્ષ ૨૦૧૫ દરમિયાન પણ બે હજાર

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-ચિલોડા-નરોડા નેશનલ હાઈવે ફોરલેન કરાશે

**કેન્દ્રીય મંત્રી સાથે યોજાયેલી બેઠકમાં માર્ગ મકાન મંત્રી નિતિન પટેલની રજુઆતના અંતે નિર્ણય લેવાયો : કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ ગુજરાતમાં વિવિધ ૫૪૦૦ કરોડના કામોને મંજુરી : બામણબોર રાજકોટ ટોલ પ્લાઝા તુરંત બંધ કરી દેવાશે : ભાવનગર સોમનાથ દ્વારાકા રોડને પહોળો કરવાનુ કામ પણ હાથ ધરાશે**



ગાંધીનગર તા ૨૮

ગુજરાતના રોડનેટવર્ક માટે કેન્દ્રીય મંત્રી દ્વારા રૂ ૫૪૦૦ કરોડના વિવિધ પ્રોજેકટને મંજુરી આપવામાં આવી છે. દિલ્હી ખાતે યોજાયેલી આ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અન્વયે ગાંધીનગર ચિલોડા -નરોડા હાઈવેને ફોરલેન બનાવવાની યોજનાને પણ મંજુરી આપવામાં આવી છે. અગાઉ પણ ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈને આ માર્ગને ૧૦ મીટર પહોળો કરવામાં આવ્યો હતો પરંતુ આ રૂટમાં આઈ એ એફ બી એસ એફ અને આર્મીની શૈક્ષણિક સંસ્થાઓ પણ સ્થિત હોવાથી ટ્રાફિકની સમસ્યા હજુ યથાવત છે. જયારે આ માર્ગને ફોરલેન બનાવવાના કામને મંજુરી આપી દેવાતા માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ હવે આ રૂટનો વાહન વ્યવ્હાર સરળ બનશે.

ગુજરાતના રાષ્ટ્રીય ધોરી માર્ગના અગત્યના પડતર પ્રશ્નો સંદર્ભે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી સાથે રાજયના માર્ગ મકાન મંત્રી નિતિન પટેલની બેઠક યોજવામાં આવી હતી.જેમાં ગુજરાતના માર્ગ મકાન વિભાગને માર્ગોના વિવિધ પ્રોજેકટ માટે ૫૪૦૦ કરોડ રૂપિયાના કામોને મંજુરી આપવામાં આવી હતી. માર્ગ મકાન મંત્રી નિતિન પટેલની રજુઆતને ધ્યાને લઈ બામણબોર રાજકોટ ટોલ પ્લાઝાને બંધ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જયારે ભાવનગર

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ગાંધીનગરનો સમાવેશ ન થતાં કેન્દ્રનો વધુ એક અન્યાય !!

**નબળી રાજકીય નેતાગીરીથી ગાંધીનગરને અન્યાયની પંરપરા ચાલુ રહી હોવાની લોકલાગણી**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરને આજે વધુ એક અન્યાય કેન્દ્ર સરકારે કરતાં શહેરના નગરજનોમાં રાજકીય પક્ષો બધા સરખા તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.

જર્નુમમાં સમાવેશ ગાંધીનગરનો નહિ કરાયાની વાત અંગે રાજકીય હોબાળો ઉભો કરનાર ભાજપની સરકારે ગાંધીનગરનો ૧૦૦ સ્માર્ટ સીટીમાં સમાવેશ કર્યોપરંતુ પ્રથમ વીસ શહેરોમાં આ પ્રોજેક્ટ અમલી બનાવવાની જાહેરાતમાં ગાંધીનગરની બાદબાકી થતાં લોકોએ રાજકીય પક્ષો બધા એક સરખા જ તેવી ચર્ચાઓ આરંભી અને મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની જવા પામ્યો છે.

ગાંધીનગર મનપાએ પણ આ અંગે સેમિનારો અને બેઠકો યોજી અને લોકોના મનમાં સ્માર્ટ સીટી બનશે તેવા સ્વપ્નાનું વાવેતર કર્યું હતુ.

ગાંધીનગર નજીક આકાર પામેલ ગિફ્ટસીટીને સ્માર્ટ સીટીનું મોડલ ગણી સ્માર્ટ સીટી પ્રોજેક્ટની નીતિ તૈયાર કરાઈ પરંતુ ગાંધીનગરનું રાજકીય નેતૃત્વ નબળુ હોવાથી તેને ન્યાય નથી મળતો તેવી લોકજીભે ચર્ચા ચાલી રહી છે. જર્નુમ વખતે બુમરાણ મચાવનારા ભાજપના શાસનમાં પણ ગાંધીનગરને અન્યાયની પરંપરા ચાલુ રહી છે. ગાંધીનગરને ટ્રેઈન ફાળવવાની હોય કે સ્માર્ટસીટીમાં સમાવેશ કરવાની વાત હોય ગાંધીનગરની સદાય બાદબાકી જ રાજકીય આગેવાનો કરી રહ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સ્પોર્ટસ ફેસ્ટીવલ - સ્પોર્ટસ ઓફ ઈન્ડિયા આયોજીત ઓપન બેડમીંગ્ટન ચેમ્પિયનશીપ આરંભાતા જીમખાનામાં ઉલ્લાસનો માહોલ અનુભવાયો હતો. આજે દિવસ દરમિયાન બેડમીંગ્ટન સ્પર્ધામાં ભારે રસાકસી જોવા મળતી હતી. ખેલાડીઓ અને પ્રેક્ષકો મનભરીને રમતને માણતા હતા.

# મોટર એક્ટની વિવિધ કલમોના દંડની રકમમાં વધારો કરાયો

રાજ્ય સરકારે મોટરવાહન એક્ટ હેઠળના ગુન્હાઓની માંડવાળ ફીના દરોના ધોરણ સુધારી તેમાં રૂ. ૫૦ થી લઈ રૂ. ૪૫૦૦ સુધીના વધારાની જોગવાઈ કરી દરોનું સરળીકરણ કરવામાં આવ્યાનો દાવો કરવામાં આવ્યો છે.

રાજયના વાહન-વ્યવહાર મંત્રી શ્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે હેલ્મેટ ન પહેરવાના પ્રથમ ગુના માટે રૂ. ૧૦૦ અને બીજા ગુના માટે તે દંડ રૂ. ૩૦૦, પાર્કિંગના નિયમોના ભંગ માટે પણ આ દર લાગુ પડશે. મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૭૭, ૧૭૯(૨), ૧૮૦, ૧૮૧, ૧૮૩(૧) (૨), ૧૮૪, ૧૯૦(૨), ૧૯૧, ૧૯૨ અને ૧૯૪ અને ૧૯૪(૨)ના દંડની જોગવાઈઓમાં સુધારા કરવામાં આવ્યા છે.




# ગાંધીનગર ડેપોની ૭૦ એસ.ટી. બસોમાં જી.પી.એસ. સિસ્ટમ ફીટ કરાઈ

**ડેપો સંકુલમાં ૧૪ જગ્યાએ ડિસ્પલે મુકવામાં આવશે : ડેપોમાં સિસ્ટમને અનુલક્ષી ખાસ કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાના આયોજનના ભાગરૂપે ડેપોમાં મોટાભાગની નવી બસો દોડાવામાં આવી રહી છે. જયારે આ બસો અંગે મુસાફરો સતત અપગ્રેડ રહી શકે તે માટે ડેપોની ૭૦ બસોમાં જી પી એસ સિસ્ટમ ફીટ કરવામાં આવી છે. જયાર ડેપો સંકુલમાં પણ આ માટે ૧૪ ડિસ્પલે મુકવામાં આવ્યા છે. આગામી દિવસોમાં જી પી એસ સિસ્ટમને અનુલક્ષી ખાસ કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત કરવામાં આવશે.

એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા મથામણ કરવામાં આવી રહી છે. પ્રથમ તબક્કામાં એસ ટી ડેપોમાં જુની કંડમ બસો દુર કરી મુસાફરોની સેવામાં નવી બસો દોડતી કરવામાં આવી છે. જયારે ડેપો સંકુલમાં સી સી ટીવી કેમેરા પણ ગોઠવવામાં આવ્યા છે જો કે ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટેનો મામલો હજુ પણ અટવાયેલો છે. બીજીતરફ ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી ૭૦ જેટલી એસ ટી બસોમાં જીપી એસ સિસ્ટમ કાર્યરત કરવા કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ અન્વયે ૭૦ બસોમાં જી પી એસ સિસ્ટમ ફીટ કરી દેવામાં આવી છે. આ માટે ડેપો સંકુલમાં ૧૪ જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં તાપમાન વધતા ઠંડી પુનઃ ગાયબ

ગાંધીનગર, તા. ૨૮

ત્રણ-ચાર દિવસ અગાઉ ફરી વળેલુ ઠંડીનુ મોજુ જાણે અચાનક જ ગાયબ થઈ ગયું હોય તેમ તાપમાન વધતા ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે.

હજુ ગયા અઠવાડિયે જ સિઝનનું સૌથી નીચુ તાપમાન નોંધાયા બાદ અચાનક જ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધતા ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન બંને ઉંચકાયા છે. પરિણામે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગયા અઠવાડિયે લઘુત્તમ તાપમાન છ ડિગ્રીની નજીક પહોંચી ગયા બાદ આજે લઘુત્તમ તાપમાન ૧૫ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા અને સાંજે ૩૭ ટકા રહ્યું હતું.

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com